# સાયબર ક્રાઈમના પૈસા ઉપાડનાર ઝડપાયો

**પોલીસે** રોકડ સહિત 19.87 લાખની મતા કબજે લીધી

**આરોપી** ભાવેશ શીંદેના ત્રણ દિવસનાં રિમાન્ડ

સુરતઃ સાયબર સેલ પોલીસે બાતમી આધારે લિંબાયત



વિસ્તારમાંથી મ્યુલ એકાઉન્ટ ખોલી સાયબર માફિયાઓને આપતાં ગેંગના એક સાગરીત પકડી પાડ્યો છે. પકડાયેલો 22 વર્ષીય B.Sc. પાસ યુવાન મ્યુલ એકાઉન્ટમાં જમા નાણાં ઉપાડનાર લોકો પાસે કલેક્શન કરવાનું કામ કરી ગેંગના સભ્યોને પહોંચાડતો હતો. તપાસમાં બહાર આવ્યું છે કે, આ ગેંગ દ્વારા દેશભરમાં આશરે 47.74 કરોડ રૂપિયાનું સાયબર ફ્રોડ આચરવામાં આવ્યું છે. પોલીસે પકડાયેલા આરોપીને કોર્ટમાં રજૂ કરી 3 દિવસનાં રિમાન્ડ મેળવ્યાં છે. પકડાયેલો આરોપી જેમના માટે કામ કરતો હતો તે વોન્ટેડ આરોપીઓ અગાઉ ઈડીના હાથે પકડાઈ ચૂક્યા છે.

સાયબર ક્રાઈમ પોલીસની એક ટીમને બાતમી મળી હતી કે, સાયબર ફ્રોડના નાણા બેંકમાંથી ઉપાડનાર ભાવેશ મનોજભાઈ શિંદે (ઉં.વ.૨૨) પોતાની જ્યુપીટર મોટરસાઈકલ નં.(5252) પર સાયબર ફ્રોડનાં નાણાં એટીએમમાંથી ઉપાડી અન્ય સાથીદારો (હરીશ ચૌધરી અને ઋષિકેશ)ને આપવા માટે નીલગીરી સર્કલ, લિંબાયત પાસેથી પસાર થવાનો હતો. જેથી તેને પકડી લઈ લિંબાયત સ્થિત સુભાષનગર સોસાયટીમાં રહેતા હરીશ ચૌધરીના ઘરે કરવામાં આવેલી રેડ દરમિયાન પોલીસને મોટા પ્રમાણમાં વાંધાજનક મુદ્દામાલ મળી આવ્યો હતો. આ ગુનામાં અન્ય મુખ્ય આરોપીઓ ઋષિકેશ અધિકાર શીંદેનું નામ પણ ખૂલ્યું છે, જે હાલ પોલીસ પકડથી દૂર છે. સમગ્ર રેડ દરમિયાન પોલીસ દ્વારા કુલ રૂ.19,87,000ની કિંમતનો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો છે, જેમાં 18,50,000ની રોકડ રકમ, 85,000ની કિંમતના 9 મોબાઈલ ફોન (જેમાં આઈફોન અને વન-પ્લસનો સમાવેશ થાય છે), 40 સિમ કાર્ડ, 16 ડેબિટ કાર્ડ, 24 બેંક પાસબુક, 6 ચેકબુક અને 2,000ની કિંમતનું રોકડ રકમ ગણવાનું મશીન કબજે લેવાયું છે.



### B.Scનો વિદ્યાર્થી ગેંગનો 'કેશ કલેક્ટર'

ભાવેશ મનોજભાઈ શિંદે (ઉં.વ.22) મૂળ મહારાષ્ટ્રનો વતની છે અને B.Sc. સુધીનો અભ્યાસ કરી રહ્યો છે, તે આ ગેંગમાં 'કેશ કલેક્ટર' તરીકે કામ કરતો હતો. ભાવેશનું કામ ઠગાઈના નાણાં બેંકમાંથી ઊપાડી સૂત્રધાર હરીશ ચૌધરી સુધી પહોંચાડવાનું હતું. મનોજ હરીશને અત્યાર સુધી 75 લાખ જેટલી રકમ કલેક્શન કરી 50 હજારનું કમિશન લઈ ચૂક્યો છે. કૌટુંબિક ભાઈ હરેશની કમાણી જોઈ મનોજ તેની સાથે છેલ્લા છ મહિનાથી જોડાયો હતો અને આ કામ કરવાનું 5 ટકા સુધી કમિશન લેતો હતો.

### 35 બેંક ખાતાંમાં 47 કરોડથી વધુનું ટ્રાન્ઝેક્શન

પોલીસને તપાસ દરમિયાન 35 જેટલાં એવાં બેંક એકાઉન્ટની માહિતી મળી છે, જેનો ઉપયોગ સાયબર ફ્રોડ માટે થતો હતો. આ ખાતાં દ્વારા અત્યાર સુધીમાં અંદાજે 47 કરોડ 74 લાખ રૂપિયાનું ટ્રાન્ઝેક્શન થયું હોવાનું સામે આવ્યું છે.

### બે ફરાર આરોપી ગેમિંગ કૌભાંડમાં પણ સામેલ હતા

આ કેસમાં હરીશ ચૌધરી અને ઋષિકેશ ચૌધરી નામના બે મુખ્ય આરોપીઓ હજુ પોલીસ પકડથી દૂર છે. ડીસીપી જૈને વધુમાં ઉમેર્યું હતું કે, આ બંને આરોપી અગાઉ 4 વર્ષ પહેલાં ED દ્વારા નોંધાયેલા એક મોટા ગેમિંગ કૌભાંડમાં પણ સામેલ હતા.

# એક જ વર્ષમાં ગ્રાહક કમિશનોમાં 415 ફરિયાદોનું સફળ નિવારણ, શ્રેયસ દેસાઈની નોંધપાત્ર સિધ્ધિ

**મોટાભાગના** પરિવારો મધ્યમવર્ગના, જેને 23 હજારથી 2 કરોડ સુધીનું વળતર શ્રેયસ દેસાઈએ અપાવ્યું છે



સુરતઃ દર વર્ષે 15મી માર્ચને વિશ્વ ગ્રાહક અધિકાર દિવસ તરીકે ઓળખવામાં આવે છે. સુરતમાં જો કોઈ ગ્રાહક સુરક્ષા માટે જાગૃત રહ્યું હોય અને હજારો પરિવારોને ન્યાય અપાવ્યો હોય તો તે જાણીતા એડવોકેટ શ્રેયસ દેસાઈ છે. ગત વર્ષમાં એટલે કે તા.16મી માર્ચ, 2025થી શરૂ કરીને તા.15મી માર્ચ, 2026 સુધીમાં એડવોકેટ શ્રેયસ દેસાઈ અને તેમની ટીમે 320 કેસમાં જે તે વ્યક્તિ કે પરિવારને ન્યાય અપાવ્યો છે. 23 હજારથી શરૂ કરીને 2 કરોડ સુધીના વળતર એડવોકેટ શ્રેયસ દેસાઈએ અપાવ્યા છે. જોવા જેવી વાત એ છે કે એડવોકેટ શ્રેયસ દેસાઈએ જેમને ન્યાય અને વળતર અપાવ્યું તેમાં મોટાભાગના મધ્યમવર્ગના પરિવારો છે. સુરતનું ઘરેણું સમાન ગ્રાહક સુરક્ષા માટે સદાય જાગૃત એડવોકેટ શ્રેયસ દેસાઈ સાથે મુલાકાત કરવામાં આવી ત્યારે તેમણે ગ્રાહક સુરક્ષાને લગતા મુદ્દાઓની છણાવટ કરી હતી.

**પ્રશ્નઃ આજના હાઈટેક યુગમાં ગ્રાહક સુરક્ષા માટે જાગૃતિ કેટલી જરૂરી છે?**

**જવાબઃ** આજનો યુગ ગમે તેટલો હાઈટિક થયો હોય પરંતુ જેમ જેમ ખરીદી વધી રહી છે તેમ તેમ ગ્રાહકોની સુરક્ષાનો મુદ્દો પણ એટલો જ જરૂરી બની રહ્યો છે. ગ્રાહકો જાણે કે તેમના હકો કેટલા છે તે માટે ગ્રાહક સુરક્ષા સંબંધી જાગૃતિ ખૂબ જ જરૂરી છે.

**પ્રશ્નઃ ગ્રાહક સુરક્ષાના સંદર્ભમાં કાયદામાં કેટલા અધિકારો ગ્રાહકને આપવામાં આવ્યા છે?**

**જવાબઃ** ગ્રાહકોએ અવેજ (કિંમત)ના બદલામાં ખરીદેલો માલ સામાન યા માલ-સેવા પુરી પાડનારના પક્ષે -અનફેર પ્રેકટિસ અને તેના થકી ગ્રાહકને નુકસાન થયું હોય તો ગ્રાહક સુરક્ષા ધારા હેઠળ રચાયેલા કમિશનોમાં ગ્રાહક ફરિયાદ કરી શકે છે. અને ગ્રાહક કમિશનો જે તે કેસના મેરિટ્સ જોઈને વળતર અથવા ખર્ચ અપાવવાના હુકમ કરી શકે છે.

**પ્રશ્નઃ હાલમાં ગ્રાહક સુરક્ષાને લગતી કયા પ્રકારની વધુ ફરિયાદો આવે છે?**

**જવાબઃ** હાલમાં લાઈફથી માંડીને મેડિક્લેઈમ સુધીના ઈન્સ્યોરન્સ, બેંકિંગ સેવાઓ, બિલ્ડર-ઓર્ગેનાઈઝરની સેવાઓ સંબંધિત ફરિયાદો વધુ આવે છે.

**પ્રશ્નઃ ગ્રાહક સુરક્ષાના સંદર્ભમાં આપના દ્વારા કરાયેલી કામગીરી શું શું છે?**

**જવાબઃ** સુરત, વડોદરા, અમદાવાદ અને રાજકોટ જિલ્લામાં કેસોનું ફાઈલિંગ અને પેન્ડન્સી વધુ રહેતા હોવાથી મેં ગ્રાહક પરિષદ તરફે ગુજરાત હાઈકોર્ટમાં રિટ પિટિશન કરી આ ચાર જિલ્લાઓમાં વધારાના ગ્રાહક કમિશનો અપાવવાની દાદ માંગી હતી. જેમાં હાઈકોર્ટે ગુજરાત સરકાર પર નોટિસો કાઢી હતી અને ગુજરાત સરકારના જવાબદાર અધિકારીઓએ આ ચાર જિલ્લાઓમાં વધારાના ગ્રાહક કમિશનો સ્થાપવાની માંગણી સ્વીકારી હતી. ત્યારબાદ માર્ચ 2006ના અરસામાં સુરત સહિતના ચાર જિલ્લાઓમાં વધારાના ગ્રાહક કમિશનો સ્થપાયા હતા. આવા ભગીરથ કાર્યમાં નિમિત્ત બનવાનો મને આનંદ છે.

**પ્રશ્નઃ આપ એકલા કામ કરો છે કે પછી લીગલ ટીમ છે?**

**જવાબઃ** હું એકલો એકસાથે અનેક કેસ હેન્ડલ કરી શકતો નથી. મારી પાસે મારી લીગલ ટીમ છે અને તેમાં 7 વર્ષથી મારી પુત્રી પ્રાચી મારી સાથે કામ કરી રહી છે. ફરિયાદ અને અપીલ તૈયાર કરવામાં તે નિષ્ણાંત છે. 5 વર્ષથી મારો પુત્ર ઈશાન પણ મારી સાથે જોડાયો છે અને અગાઉ તેણે સુપ્રીમ અને હાઈકોર્ટમાં સિનિયર વકીલો સાથે કામ કરીને અનુભવ લીધો છે. રિસર્ચમાં તેની હથોટી છે. મારી પત્ની દિપ્તી વહીવટ અને હિસાબી બાબતો સંભાળે છે. મારા જમાઈ અર્પિત દેસાઈ ટેક્સેશન અને જીએસટીની સ્વતંત્ર પ્રેકટિસ કરે છે. સાથે સાથે અમને ટાઈટલ રિપોર્ટ અને લીગલ રિપોર્ટ તૈયાર કરવામાં પણ મદદ કરે છે. મારી પુત્રવધુ વિધિ ટાઈટલ રિપોર્ટ અને ડોક્યુમેન્ટના કામોને હેન્ડલ કરે છે. આ સિવાય મારી ટીમમાં જુનિયર અથવા સહાયકો તરીકે એકતા સિંગાપુરી, રિકુંજ કાચરીયા.મનાલી સુખડીયા, મનોજ શિંદે, કાવ્ય રાણા, ભૂપેન્દ્ર મહિડા. અરવિંદ નાયકા વિગેરેનો તેમજ દિલ્હી, અમદાવાદ શહેરોમાં એસોસિએટ એડવોકેટ્સનો સમાવેશ થાય છે.

## ઉધનામાં વીજ કરંટ લાગતાં શ્રમિકનું મોત

સુરતઃ મૂળ મહારાષ્ટ્ર જલગાવના વતની અને હાલ ઉધના વિસ્તારમાં ફૂટપાથ પર ૪૫ વર્ષીય રમેશભાઈ વિઠ્ઠલભાઈ પાટિલ રહેતો અને છૂટક મજૂરી કામ કરી પોતાનું ગુજરાન ચલાવતો હતો. તેઓને સંતાનમાં એક પુત્ર અને એક પુત્રી છે. ગત ૧લી એપ્રિલના રોજ સાંજે રમેશ નશાની હાલતમાં ઉધના રોડ નંબર-૬ પર વીજ પોલની નજીક ઊભો હતો. દરમિયાન તેને એકાએક વીજ કરંટ લાગતા બેભાન હાલતમાં સારવાર માટે ૧૦૮માં સ્મીમેર હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો. જ્યાં સારવાર દરમિયાન આજે બપોરે તેનું મોત નીપજ્યું હતું. આ અંગે વધુ તપાસ ઉધના પોલીસ કરી રહી છે.

## સુરત રેલવે પોલીસે મોબાઇલ સ્નેચરને ઝડપી પાડ્યો

સુરતઃ સુરત રેલ્વે પોલીસે ભેસ્તાન રેલવે સ્ટેશન પર મોબાઈલ ઝૂંટવી ફરાર થઈ જનાર એક રીઢા ચોરને ઝડપી પાડ્યો છે. મળતી માહિતી મુજબ ગત તા. ૦૧/૦૪/૨૦૨૬ના રોજ ભુસાવલ-બોરીવલી એક્સપ્રેસમાં એક મુસાફરના હાથમાંથી રૂ. ૧૭,૦૦૦ની કિંમતનો ફોન આંચકી લેવામાં આવ્યો હતો. જેમાં સંડોવાયેલા આરોપીની બાતમી આસીસ્ટન્ટ સબ ઇન્સ્પેક્ટ લાલાભાઇ મકવાણાને મળી હતી. જેના આધારે ભેસ્તાન રેલ્વે સ્ટેશન બહારના ખુલ્લા મેદાનમાંથી 23 વર્ષીય સાહિલ ઉર્ફે માસુમ ઉર્ફે જલેલા આબીદ અંસારી (રહે. ઉન પાટીયા, ભેસ્તાન)ને ઝડપી પાડવામાં આવ્યો હતો. આરોપી સામે કુલ અગિયાર ગુના નોંધાઇ ચૂક્યા છે. તેની પાસા હેઠળ અટકાયત પણ કરવામાં આવી હતી.

# પોલીસ પકડથી બચવા માબાપ સાથે પણ સંપર્ક તોડી નાંખ્યો

**અડાજણની** ૧૫ વર્ષ જૂની ચકચારી ધાડનો વોન્ટેડ આરોપી થાણેથી ઝડપાયો

સુરતઃ અડાજણ પોલીસ સ્ટેશનના ૧૫ વર્ષ જૂના ધાડના ગુનામાં સંડોવાયેલા અને લાંબા સમયથી પોલીસને થાપ આપતા વોન્ટેડ આરોપી વિવેક ઉર્ફે સિન્ટુ જોખન જયસ્વાલ (બરનવાલ)ને ક્રાઈમ બ્રાંચની ટીમે મહારાષ્ટ્રના થાણે ખાતેથી પકડી લીધો છે. તેણે પ્રેમલગ્ન કરી લીધા હતા અને પત્ની સાથે શાકભાજી વેચવા લાગ્યો હતો. પોલીસ ટ્રેસ ન કરી શકે તે માટે તેણે વતનમાં રહેતા માતા-પિતા સાથે સંપર્ક પણ કાપી નાંખ્યો હતો.

વર્ષ ૨૦૧૦માં અડાજણ વિસ્તારમાં આવેલી 'અજંટા કોર્પોરેશન' નામની કમિશન ઓફિસમાં આરોપી વિવેક તેના અન્ય સાથીદારો (અજયકુમાર ચૌહાણ, રાહુલ તિવારી, ચંકી પાંડે, અતુલસિંગ અને શૈલેન્દ્ર સિંગ) સાથે પાણી પીવાના બહાને પ્રવેશ્યો હતો. ત્યાં ઓફિસના સંચાલક અને કર્મચારીઓને માર મારી, પિસ્ટલની અણીએ બંધક બનાવી રોકડા રૂપિયા ૯,૦૦૦ અને મોબાઈલ ફોન મળી કુલ રૂ. ૧૨,૫૦૦ની ધાડ પાડી આ ટોળકી ફરાર થઈ ગઈ હતી. આ મામલે અડાજણ પોલીસમાં આર્મ્સ એક્ટ અને ધાડની કલમો હેઠળ ગુનો નોંધાયો હતો.આરોપી વિવેક પોલીસ પકડથી બચવા માટે અત્યંત સાવચેતી રાખતો હતો. ધાડની ઘટના બાદ તેણે વતનમાં જઈ પ્રેમ લગ્ન કર્યા હતા અને ત્યારબાદ મહારાષ્ટ્રના થાણેમાં સ્થાયી થયો હતો. પોલીસ પોતાને ટ્રેસ ન કરી શકે તે માટે તેણે પોતાના માતા-પિતા, ભાઈઓ અને ગામના તમામ સગા-સંબંધીઓ સાથે સંપર્ક તોડી નાખ્યો હતો. તે થાણેના ઈંદીરાનગર વિસ્તારમાં શાકભાજીની લારી ચલાવી પોતાનું ગુજરાન ચલાવતો હતો અને પોતાની અસલી ઓળખ છુપાવીને રહેતો હતો.




## ૧૫ કિલો ગાંજા સાથે ઉડિયા યુવાન ઝડપાયો

સુરતઃ ક્રાઈમ બ્રાન્ચે બાતમીના આધારે સચિન કનકપુરના શ્રીનગરમાં દરોડા પાડી એક ઈસમને લાખોની કિંમતના ગાંજાના જથ્થા સાથે રંગેહાથ ઝડપી પાડ્યો છે. સુરેન્દ્ર ઉર્ફે ગોલ્ડન બાબુલા પ્રધાન (ઉં.વ.26) નામનો શખ્સ ઓડિશાથી ગાંજાનો જથ્થો મંગાવી સચિન કનકપુરની શ્રીરામનગર સોસાયટીના પ્લોટ નં. 3045-3046 ના બીજા માળે આવેલા રૂમ નં. 10 માં સંતાડ્યો હોવાની માહિતીના આધારે પોલીસે દરોડા પાડી તેને ઝડપી પાડ્યો હતો. રૂમની તલાશી લેતા 15 કિલો 930 ગ્રામ ગાંજો જપ્ત કર્યો હતો, જેની બજાર કિંમત 7,96,500 આંકવામાં આવી છે. આ ઉપરાંત 20,000 ની કિંમતનો એક મોબાઈલ ફોન પણ જપ્ત કરવામાં આવ્યો છે. આ જથ્થો ઓડિશાના એક અજાણ્યા શખ્સ પાસેથી લાવી સુરતમાં વેચવાનો હતો.

# ૭મીએ વકીલમંડળના કાઉન્સિલ સભ્યોની બેઠક

**હોદ્દેદારોનો** બે વર્ષનો સમયગાળો કરવાની દરખાસ્ત

સુરતઃ કોર્ટ સંકુલમાં વકીલોને પડતી અગવડતા અને માળખાકીય સુધારા અંગે કાઉન્સિલ સભ્ય યતીન જી. ધાકેચાએ આગામી તા.૭-૪-૨૦૨૬ના રોજ મળનારી બેઠક માટે રજૂઆત કરતો પત્ર વકીલમંડળને પાઠવ્યો છે, જેમાં કોર્ટ કેમ્પસમાં વાહન પાર્કિંગની ગંભીર સમસ્યા તરફ ધ્યાન દોર્યું છે. તેમજ નવા વકીલો માટે માર્ગદર્શન, સેમિનાર અને વર્કશોપ યોજવાની જરૂરિયાત દર્શાવવામાં આવી છે. વાંચન માટે વધારાની જગ્યા અને આધુનિક સુવિધાઓ ઊભી કરવાની માંગ કરવામાં આવી છે. કોર્ટ બિલ્ડિંગમાં લિફ્ટની મર્યાદિત ક્ષમતા અને વારંવાર થતી ખામીઓના કારણે વકીલો તથા વરિષ્ઠ નાગરિકોને પડતી મુશ્કેલી અને હોદ્દેદારોનો એક વર્ષનો કાર્યકાળ વધારીને બે વર્ષ કરવાનો મહત્ત્વપૂર્ણ પ્રસ્તાવ સહિતના મુદ્દે વ્યાપક ચર્ચા કરી નિર્ણય લેવા રજૂઆત કરવામાં આવી છે.

# મનપામાં બઢતી માટે હવે ઝોનનો અનુભવ ફરજિયાત

**'મલાઇદાર'** વિભાગોમાં જ રહેતા અધિકારીઓને ઝટકો

સુરતઃ સુરત મનપામાં અત્યાર સુધી ઘણા ઈજનેરો અને અધિકારીઓ મલાઈદાર ગણાતા વિભાગોમાં જ નોકરી કરતાં રહ્યા હતા અને ઝોનમાં જવાનું ટાળતા હતા. પરંતુ હવે નવા નિયમો મુજબ કાર્યપાલક ઈજનેર, એડિશનલ સિટી ઈજનેર અને સિટી ઈજનેર જેવા ઉચ્ચ પદો માટે ઝોનમાં કામનો અનુભવ જરૂરી બનાવવામાં આવ્યો છે.

નવા સૂચિત નિયમો મુજબ કાર્યપાલક ઈજનેર (સિવિલ) માટે ડેપ્યુટી ઈજનેર તરીકે કામ કરનારા મનપાના કર્મચારીઓએ ઓછામાં ઓછા 3 વર્ષનો ઝોન અનુભવ હોવો જરૂરી રહેશે. જ્યારે આસિસ્ટન્ટ અથવા જૂનિયર ઈજનેર તરીકે કાર્યરત કર્મચારીઓ માટે ઝોનમાં ઓછામાં ઓછા 5 વર્ષનો અનુભવ ફરજિયાત રાખવામાં આવ્યો છે. એડિશનલ સિટી ઈજનેર (સિવિલ) અને સિટી ઈજનેરની પોસ્ટ માટે પણ ઝોનમાં કાર્યપાલક ઈજનેર તરીકે ઓછામાં ઓછા 2 વર્ષનો અનુભવ અનિવાર્ય બનાવાયો છે. એટલે કે, હવે તમામ કેડરના ઈજનેરો માટે ઝોનમાં સેવા આપ્યા વિના બઢતી મેળવવી શક્ય નહીં બને. આ ફેરફારથી મનપાના ટેકનિકલ વહીવટમાં પારદર્શિતા અને મેદાની અનુભવ ધરાવતા અધિકારીઓને પ્રાધાન્ય મળશે તેવી શક્યતા વ્યક્ત કરવામાં આવી રહી છે. સાથે જ વર્ષોથી ઝોનથી દૂર રહેલા અધિકારીઓને હવે ઝોનમાં ફરજ બજાવવા દોડધામ કરવી પડશે.

## આપઘાતની દુષ્પ્રેરણાના કેસમાં ત્રણ ભાઇઓ નિર્દોષ

સુરતઃ પુણાગામ રાધાસ્વામી સોસાયટીમાં રહેતાં મુક્તાબેનનાં પતિ મનસુખભાઈ શિસારાને આરોપીઓએ વેચાણ કરી આપેલ જમીનનો કબજો કે પતિ પાસેથી લીધેલા રૂપિયા પણ પરત ન આપતા સ્યુસાઈડ નોટ લખી આપઘાત કરી લીધો હતો. દુષ્પ્રેરણા કેસમાં બિજલભાઈ સિદ્દીભાઈ હડીયા (રહે. નંદનવન રો-હાઉસ, પરવટ પાટિયા), નાનુભાઈ સિદ્દીભાઈ હડીયા (રહે. ગંગાપાર્ક એપાર્ટમેન્ટ, પુણાગામ), ધનજીભાઈ સિદ્દીભાઈ હડીયા (રહે. વર્ષા સોસાયટી, માતાવાડી પાસે, વરાછા)ની ધરપકડ કરી હતી. ફરીયાદી પક્ષ કેસ પુરવાર કરવામાં નિષ્ફળ જતાં કોર્ટે પુરાવાઓ ધ્યાને લઈ ત્રણેય આરોપીને નિર્દોષ છોડી મૂકવાનો હુકમ કર્યો હતો. આરોપી તરફે વકીલ ગૌતમ આઈ. દેસાઈ તથા ચેતન કે. શાસ્ત્રીએ દલાલો કરી હતી.

# ચેક રિટર્ન કેસમાં 17 ને એક જ દિવસે સજા

**કોર્ટમાં** નિવેદન નોંધાવ્યા બાદ ગ્રાહકો હાજર નહીં થતાં કોર્ટે ગંભીર નોંધ લીધી

સુરતઃ ચેક રિટર્ન કેસમાં એચ.ડી.એફ.સી. બેંકના ૧૭ ગ્રાહકને એક માસથી લઈ એક વર્ષ સુધીની સજા તથા ઈ.સી.એસ. અને ચેકની રકમ ૯% ના વ્યાજ સહિત ચૂકવવા કોર્ટે હુકમ કર્યો હતો. એચ.ડી.એફ.સી. બેંકના આ ગ્રાહકોએ વિવિધ લોનના હપ્તા નહીં ભરતા લોનમાં આપેલા ચેકો બેન્કે જમા કરાવતા આ ચેકો રિટર્ન થયા હતા. બેન્કે વકીલ ગોપાલ વેકરીયા મારફતે અલગ અલગ ૧૭ કેસ કર્યા હતા. આ તમામ કેસમાં સુરતના ૧૪મા એ.સી. જે.એમ. બીસી ત્રીપાઠીએ એક જ દિવસે તમામને સજા ફટકારી દીધી હતી. એચ.ડી.એફ.સી. બેંકના ગ્રાહકો આરોપી શંકર રામઅવતાર શાહ, રફીકખાન પઠાણ, રાજેશ વેલુભાઈ રેડ્ડી, સંદીત કુમાર, સત્યમ મીશ્રા, શાલીની વિપીન ગુપ્તા, વિપુલ ઈશ્વરભાઈ વાઘેલા, કલ્પેશ પુનભાઈ મરાઠે, દીનેશભાઈ વસનજીભાઈ ગામીત, ગામીત ભરતભાઈ નુરીયાભાઈ, ખલાસી હિરેન રમેશભાઈ, મહંમદફારુક અન્સારી, પ્રીતેશ સુરેશભાઈ સોલંકી, લાલમન મીઠુરી યાદવ, શાલીની વિપીન ગુપ્તા, રેખા દેવી, સંગીતા ઘનશ્યામ છીમ્પાએ બીઝનેશ લોન, પર્સનલ લોન, ઓટોલોન, ટુવ્હીલર લોન, ક્રેડીટ કાર્ડની સુવિધાઓ મેળવી હતી. ગ્રાહકોએ સુવિધાઓના નાણાં નિયમ મુજબ પરત ન કરતાં, એચ.એ.ડી.એફ.સી. બેંક દ્વારા લોનના નાણાં વસૂલ મેળવવા ઈ.સી.એસ. તથા ચેક ખાતામાં જમા કરાવ્યા હતા. જે ચેકો રિટર્ન થયા હતા. જેથી બેન્કે વકીલ ગોપાલ વેકરીયા મારફતે કોર્ટમાં ધી પેમેન્ટ એન્ડ સેટલમેન્ટ એકટની કલમ ૨૫ તથા ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ ૧૩૮ હેઠળ ફરિયાદ કરી હતી.

આ કેસોમાં બેંકના ગ્રાહકો હાજર થઈ નિવેદન કોર્ટમાં આપ્યા બાદ હાજર ન થતાં કોર્ટે આ બાબતને ગંભીર ગણી એચ.ડી.એફ.સી. બેંકના વકીલની દલીલો ગ્રાહ્ય રાખી ગ્રાહકોએ કોઈ બચાવ કરવો નથી, તેવું માની ૧૭ ગ્રાહકને એક માસથી લઈ છ માસ સુધીની સજા ફટકારી હતી. તેમજ ઈ.સી.એસ. અને ચેકની રકમ ૯% ના વ્યાજ સહિત ચૂકવવા હુકમ કર્યો હતો.

### કોને કેટલી સજા?

ચેક રિટર્ન કેસમાં શંકર રામઅવતાર શાહને એક વર્ષ,રફીકખાન પઠાણને એક વર્ષ, રાજેશ વેલુભાઈ રેડ્ડીને છ માસ, સંદીત કુમારને એક વર્ષ, સત્યમ મીશ્રાને છ માસ, શાલીની વિપીન ગુપ્તાને છ માસ, વિપુલ ઈશ્વરભાઈ વાઘેલા, કલ્પેશ પુનભાઈ મરાઠે, દીનેશભાઈ વસનજીભાઈ ગામીતને એક-એક માસ, ગામીત ભરતભાઈ નુરીયાભાઈ, ખલાસી હિરેન રમેશભાઈને છ-છ માસ, મહંમદફારુક અન્સારીને એક માસ, પ્રીતેશ સુરેશભાઈ સોલંકીને છ માસ, લાલમન મીઠુરી યાદવને એક માસ, શાલીની વિપીન ગુપ્તાને છ માસ, રેખા દેવીને એક માસ, સંગીતા ઘનશ્યામ છીમ્પાને છ માસ સજા કરાઈ હતી.

# BRTSમાં ફરી કાર્યરત થશે 270 સ્વિંગ ગેટ

**રૂ.2.37** કરોડના ખર્ચે રિપેર સાથે 5 વર્ષની મેઇન્ટેનન્સ શરત

સુરતઃ સુરત મહાનગરપાલિકા દ્વારા શહેરની પરિવહન વ્યવસ્થાને વધુ સુદ્રઢ અને સુરક્ષિત બનાવવા મહત્ત્વપૂર્ણ નિર્ણય લેવામાં આવ્યો છે. શહેરની લાઈફલાઈન ગણાતી BRTS સેવામાં લાંબા સમયથી મેન્ટેનન્સના અભાવે બંધ પડેલા અંદાજે 270 ઓટોમેટિક સ્વિંગ ગેટને ફરીથી કાર્યરત કરવા માટે તંત્ર હરકતમાં આવ્યું છે. આ માટે પાલિકાના ટ્રાફિક વિભાગ અને BRTS પ્રોજેક્ટ સેલ દ્વારા રૂ. 2,37,86,156ના ખર્ચે ટેન્ડર બહાર પાડવામાં આવ્યું છે.

BRTS સ્ટેશનો પર મુસાફરોની સુરક્ષા જાળવવા અને અનધિકૃત પ્રવેશ અટકાવવા માટે આ સ્વિંગ ગેટ લગાવવામાં આવ્યા હતા. પરંતુ સમયસર જાળવણી ન થવાને કારણે મોટા ભાગના ગેટ ખામીગ્રસ્ત બની બંધ હાલતમાં હતા. પરિણામે મુસાફરો ગમે ત્યાંથી કોરિડોરમાં પ્રવેશતા હતા, જેનાથી અકસ્માતની શક્યતા વધતી હતી અને ટ્રાફિક નિયમોનું ઉલ્લંઘન થતું હતું. અગાઉ પણ ગેટોની મરામત કરવામાં આવી હતી, પરંતુ થોડા સમય બાદ ફરી ખામી ઊભી થતી હોવાની ફરિયાદો ઊઠી હતી. આ સમસ્યાનો કાયમી ઉકેલ લાવવા માટે આ વખતે ટેન્ડરમાં ખાસ શરત મુકવામાં આવી છે. કામ સંભાળનારી એજન્સીએ માત્ર ગેટ રિપેર જ નહીં, પરંતુ આગામી પાંચ વર્ષ સુધી તેની સંપૂર્ણ મેન્ટેનન્સ અને જાળવણી કરવાની રહેશે. તાજેતરમાં મ્યુનિસિપલ કમિશનર એમ. નાગરાજએ પણ BRTS કોરિડોરમાં પ્રવેશેલા વાહનો સામે સ્થળ પર જ કાર્યવાહી કરી હતી.

# તાપી નદીના પાળા ઉપરથી 4 વર્ષની બાળકી ભેદી રીતે ગુમ

**15** દિવસ પહેલા જ માતા બાળકીને લઇને આવી હતી

**માતાની** માનસિક સ્થિતિ શંકાના દાયરામાં

સુરતઃ છાપરાભાઠા વિસ્તારમાં રહેતા અને મૂળ ઉત્તરપ્રદેશના વતની વર્મા પરિવારની 4 વર્ષની માસૂમ દીકરી અમરોલી તાપી નદીના પાળા પરથી ગુમ થતા ચકચાર મચી જવા પામી છે. આ મામલે અમરોલી પોલીસમાં અપહરણનો ગુનો નોંધાયો છે, પરંતુ તપાસ દરમિયાન માતાની શંકાસ્પદ અને માનસિક અસ્વસ્થ વર્તણૂક તપાસ એજન્સીઓ માટે કોયડો બની છે. માતા પતિ સાથે ઝઘડો કરી 15 દિવસ પહેલા તાપીના પાળા પર રહેવા આવી હતી.

પોલીસ પાસેથી મળતી માહિતી મુજબ મુળ ઉત્તરપ્રદેશના વતની અને છાપરાભાઠા વિસ્તારમાં રહેતા વર્મા પરિવારમાં પતિ પત્ની અને ચાર બાળકો છે. જે પૈકી બે બાળકો વતનમાં નાની સાથે રહે છે. જ્યારે એક બાળક અને બાળકી માતા પિતા સાથે રહેતા હતા. પિતા લૂમ્સના કારખાનામાં નોકરી કરી પરિવારનું ગુજરાન ચલાવે છે.

આશરે 15 દિવસ પહેલા માતા કોઈ કારણોસર પોતાની 4 વર્ષની દિકરીને લઈને અમરોલી તાપી નદીના પાળા પર રહેવા માટે આવી હતી. તા.2 એપ્રિલના રોજ માતા સાથે રહેલી 4 વર્ષની બાળકી અચાનક ગુમ થઈ ગઈ હતી. માતાએ શોધખોળ કરી હતી પણ તેને પત્તો નહિં લાગતા સાંજે પતિ પાસે ગઈ હતી અને બાળકી ગુમ થયાની જાણ કરી હતી.

જેથી પિતાએ અમરોલી પોલીસમાં ફરિયાદ નોંધાવતા પોલીસે અપહરણનો ગુનો નોંધી તપાસ શરૂ કરી હતી. પોલીસના જણાવ્યા પ્રમાણે માતા માનસિક અસ્વસ્થ લાગી રહી છે. તે બનાવ અંગે યોગ્ય જવાબ આપતી નથી.અગાઉ પણ 10 એક વખત આ રીતે પતિથી અલગ રહેવા જઈ ચૂકી છે.જોકે, બાળકીને શોધવા માટે અમરોલી પોલીસ અને ક્રાઈમ બ્રાંચની ટીમે સીસીટીવીના ફુટેજના આધારે તપાસ શરૂ કરી છે.

